જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૬/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૧૯/૨૦૨૩

**મણિનગરઃ** ગુંજનકુમાર મનોજકુમાર શાહ (રહે. શિવતીર્થ એપાર્ટમેન્ટ ક્રિષ્ણપાર્ક મણિનગર) એ મણિનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૩ બપોરના ૧૨/૪૫ થી રાતના ૮/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૨૮,૯૭૨/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** ધર્મિષ્ઠાબહેન વા/ઓ પરેશભાઇ ટુડીયા (રહે. નંદનવન સોસાયટી, મંગલ વિકાસ ચાર રસ્તા પાસે દાણીલીમડા) એ તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૩ બપોરના ૨/૩૦ થી તા.૧૯/૦૬/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા તિરકરવાસ ખાતે આવેલ આંગણવાડીમાંથી ઇન્ડિયન કંપનીનો ગેસનો બાટલો કિમત રૂપિયા ૨૨૦૦/-, ચોખા, સીંગતેલના પાઉચ નંગ-૨૫, તેમજ પંખો મળી કુલ કિમત રૂપિયા ૬,૭૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૦/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** મિથુન પરસોત્તમભાઇ સોલંકી (ઉ.વ.૨૭) (રહે.ગામ-પિરાણા સોલંકીવાસ તા.દસક્રોઇ જી-અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૩ સાંજના ૫/૩૫ વાગ્યાના સુમારે સરદારબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૧૧ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**નારોલઃ** આરતીબહેન વા/ઓ પ્રકાશભાઇ ભાવસાર (ઉ.વ.૨૨) (રહે. સાંઘાણી રેસીડન્સી કર્ણાવતી-ર ની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૬/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "કે" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી